# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
## (ગુજરાત એક્ટ નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
## Shri Govind Guru University
## ( Established vide Gujarat Act No. 24/2015)

સરકારિ પોલિટેકનીક કેમ્પ્સ
ગદક્પુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001

Government Polytechnic Campus
Gadukpur, Godhara
Dist. Panchmahals Pin Code 389001

૧૪. દરેક સેમેસ્ટરમાં વિદ્યાર્થીઓની હાજરી તમામ વિષયના અધ્યાપકશ્રીઓએ ફરજીયાત લેવી, જે વિદ્યાર્થીઓ સતત ગેરહાજર રહે તેમને નોટીસો આપી, તે પછીના સેમેસ્ટરમાં પ્રવેશ રદ કરવો. દરેક સેમેસ્ટરમાં હાજરી પત્રકોમાં તારીખ વાર હાજરી ભરી નિયત હાજરીપત્રકો દરેક સેમેસ્ટર સમાપ્ત થયા પછી ૧૫ દિવસમાં અલગ સ્ટેટમેન્ટ સાથે યુનિવર્સિટીને અચૂક મોકલવા. પ્રોફેસર ઇન્ચાર્જશ્રીએ જેમની હાજરી નિયમો મુજબ ઓછી હોય તેમના પરીક્ષા ફોર્મ રદ કરવા માટે પરીક્ષા શરૂ થવાના ૧૫ દિવસ પહેલા યુનિવર્સિટીમાં રેકર્ડ સહિત મોકલી આપવા. કોઈની ખૂટતી હાજરી યુનિવર્સિટી માફ કરશે નહિ તે બાબત વિદ્યાર્થીઓને જણાવવી તથા વિદ્યાર્થીઓને હાજરી માફ કરવા યુનિવર્સિટીમાં મોકલવા નહિ કે માન. કુલપતિશ્રીને ભલામણ કરવી નહી. પુરતી હાજરી સિવાય પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહિ. આ બાબતની જવાબદારી સંપૂર્ણ રીતે પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓની રહેશે.

૧૫. વિદ્યાર્થીનો પ્રવેશ રદ કર્યો હોય તો તેની જાણ અનુસ્નાતક વિભાગને અવશ્ય કરવી.

૧૬. વિદ્યાર્થીએ રજિસ્ટ્રેશન અરજીમાં જે વિષય ભર્યા હોય તે વિષયોની જ હાજરી રાખે તથા જે વિષયો શીખવવાની યુનિવર્સિટી દ્વારા મંજુરી મળી હોય તે જ વિષયો વિદ્યાર્થી ભરે તે અવશ્ય ચકાસશો. અન્યથા પરીક્ષામાં મુશ્કેલી ઉભી થાય તો કૉલેજની જવાબદારી રહેશે.

તેમજ બધા જ વિદ્યાર્થીઓની રજિસ્ટ્રેશન અરજીઓ નિયત સમયમાં જ યુનિવર્સિટીને પહોંચાડવાની હોવાથી વિદ્યાર્થીઓ વેળાસર રજિસ્ટ્રેશન અરજીઓ ભરે તે ખાસ જોશો.

૧૭. સેમેસ્ટરની શરૂઆતમાં જ કૉલેજ /સંસ્થાના નોટીસબોર્ડ પર મૂકી વિદ્યાર્થીનુ ધ્યાન દોરવું કે નિયમાનુસાર દરેક સેમેસ્ટરમાં સંપૂર્ણ હાજરી રાખવી આવશ્યક છે, સેમેસ્ટર મંજુર થતા નહિ હોય તો પરીક્ષા પ્રવેશ રદ કરવામાં આવે છે. તેથી હાજરીની બાબતમાં નિયમિતતા રાખવી જરૂરી છે. આ નિયમ દરેક વર્ગમાં સમજાવવો. યુનિવર્સિટીમાં હાજરી પત્રકો સિવાય પરીક્ષા ફોર્મ સ્વીકારશે નહિ અને યુનિવર્સિટી હાજરી માફ કરશે નહિ. જેમના ફોર્મ હાજરીના કારણે રદ કરવાના હોય તેને જુદા સમયે લેખિત નોટીસો આપી જાણ કરવી અને પરીક્ષા શરૂ થવાના ૧૫ દિવસ પહેલા ફોર્મ રદ કરી વિદ્યાર્થીઓને જાણ પણ કરવી. તદ્દઅનુસાર યુનિવર્સિટીના પરીક્ષા વિભાગને ફોર્મ પરત ખેંચવા અંગે બેઠક નંબર સહીત જાણ કરશો.